
# કામધેનુ યુનિવર્સિટી દ્વારા 'પરાક્રમ દિવસ' નિમિત્તે ઓનલાઈન વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી 'પરાક્રમ દિવસ'ની ઉજવણી નિમિત્તે ૨૩, જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. આ વેબિનારના અધ્યક્ષ ડૉ એન. એચ. કેલાવાલા, કુલપતિ, કામધેનુ યુનિવર્સિટીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં નેતાજીની દ્રઢ ભાવના અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની નિઃસ્વાર્થ સેવાને યાદ કરતા યુવાનોને નેતાજીના જીવનમાંથી પ્રેરણા લેવા હાકલ કરી. કાર્યક્રમના વક્તાશ્રી સુશ્રી શીતલબેન જોષી, ગુજરાત પ્રાંત સંગઠક, વિવેકાનંદ કેન્દ્ર-કન્યાકુમારી એ પરાક્રમ શબ્દનો મહિમા



સમજાવતા નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવન પર આધારિત પ્રાસંગિક ઘટનાઓ સાદ્રશ્ય કરતા જણાવ્યું કે નેતાજીએ પ્રતિકૂળ સંજોગોનો સામનો કરી પરાક્રમની પરાકાષ્ઠા દાખવી દેશવાસીઓમાં દેશભક્તિ જગાડી હતી. તેઓએ બહુ જ જૂજ સાધન સાથે તૈયાર થયેલી આઝાદ હિંદ ફોજ, આઝાદ હિંદ સરકાર, આઝાદ હિંદ રેડિયો અને રાણી ઝાંસી રેજિમેન્ટ વિગેરે નેતાજીની વિશેષ સિદ્ધિઓ જણાવી હતી. તેઓએ ઈતિહાસની ધરોહર માંથી પ્રરણા લઈ રાષ્ટ્ર કાર્ય માટે સજ્જ થવા યુવાનોને આહ્વાન કરેલ. નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવનવૃતાંતની ઝાંખી આપતો આ વેબિનાર ઓનલાઈન ગુગલ મીટ તથા ફેસબુક લાઈવના માધ્યમથી યોજવામાં આવી હતી.

# નેતાજી સુભાષચન્દ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતી પુસ્તક પ્રદર્શન પ્રદર્શન દ્વારા ઉજવવામાં કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ઓજસ્વી ક્રાંતિકારીઓમાંના એક, 'જય હિન્દ' રાષ્ટ્રીય સૂત્ર આપનાર, 'આઝાદ હિન્દ' ફોજની રચના કરનાર, ગાંધીજી દ્વારા જેમને "દેશભક્તોના દેશભક્ત" નું બિરુદ આપવામાં આવ્યું હતું, જેમના જન્મદિવસ ને પરાક્રમ દિવસ તરીકે ઉજવવામાં આવે છે તેવા નેતાજી સુભાષચન્દ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે તેમના જીવન અને કવન પર લખાયેલા પુસ્તકોના સ્મૃતિ પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી. આ પ્રદર્શનમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના પુસ્તકો ગોઠવાયા હતા જેનો લાભ સંકુલના સૌ સેવકમિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, મથુરભાઈ નિસરતા, દિશા



દવે અને કિશન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉત્તર ગુજરાત સર્વોદય મંડળની બેઠક પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર-સાદરામાં યોજાઈ

ચિલોડા, તા. ૨૩

બા-બાપુ ૧૫૦, ગૂજરાત વિદ્યાપીઠ ૧૦૦ અને વિનોબા ભાવે ૧૨૫ વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખી ઉત્તર ગુજરાત સર્વોદય મંડળની માસિક સમીક્ષા બેઠક ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર- સાદરાના યજમાન પદે યોજવામાં આવી. મહાત્મા ગાંધીના રંગે રંગાયેલા સંતવિનોબા ભાવેના સર્વોદય અભિયાનના મંત્ર-જયજગત, સત્ય-પ્રેમ-કરુણા અને હમારાતંત્ર-ગ્રામસ્વરાજના ભેખધારી ૫૮ સ્વયં સેવકોની હાજરીમાં ગણસેવકત્વ વિશેના



પોતાનાં મંતવ્યો રજૂ કર્યા. આગામી યુગ નેતૃત્વનો નહીં પરંતુ ગણ સેવકત્વનો યુગ હશે તેના માટે જનશક્તિ ઊભી કરવી પડશે તેવું વક્તવ્ય સર્વોદયના પીઢ કાર્યકર સર્વોદયપાત્રથી જીવનાર તેમજ આજીવન કાચો આહાર ખાનાર ૯૫ વર્ષીય શ્રી વસંતભાઈ શાહ કે જેઓ ખાદી આશ્રમ-માઢીના નિયામક છે તેમની ઉપસ્થિતિમાં સર્વોદયમંડળની બેઠક યોજાઈ તે આ બેઠકની વિશેષતા છે. ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ સભાસંચાલન કર્યું, સમગ્ર કાર્યક્રમનું આયોજન પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર-સાદરાના આચાર્ય શ્રી તેજશ ઠાકર અને ડૉ. પ્રવિણ દુલેરાએ કર્યું. અતિથિવિશેષ તરીકે સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલ, ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા અને ડીન શ્રી ડૉ. જગદીશચન્દ્ર સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. નીરજ સિલાવટએ ગાંધી પ્રદર્શન ગોઠવી પ્રદર્શનના ચાર્ટનું માર્ગદર્શન કર્યું.

# જન્મદિને વધામણી



અલકેશ સુખડીયા
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૫



કેતુલ ભાવેશકુમાર રાજવંશી
મો. ૮૨૩૮૦ ૪૨૨૩૨



જીનલ આશિષ વરીયા
મો. ૯૯૨૪૫ ૩૨૭૦૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક




માસ્ક પહેરો... સ્વસ્થ રહો...


# સમર્પણ પબ્લિક સ્કૂલમાં વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરાયું





ગાંધીનગર, તા. ૨૩

સમર્પણ પબ્લિક સ્કુલ, સેકટર-૨૮ ગાંધીનગર ખાતે વિવિધ રમતોનું આયોજન શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમા અલગ અલગ શાળાઓના વિદ્યાર્થીઓએ આર્ટ એન્ડ ક્રાફટ (વેસ્ટમાંથી બેસ્ટ) ચિત્ર સ્પર્ધા, રમતોમાં લીબું ચમચી, વોલીબોલ અને ફુટબોલ માં ભાગ લીધો હતો અને વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ઈનામ રૂપે કલર પેન બોક્ષ અને ડ્રોઈગ બુક આપીને શાળાના આચાર્ય સજી અબ્રાહમ એ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# એસ.એસ.વી. કેમ્પસ ખાતે 'બાળકોની માટી સાથેની ઓળખાણ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સ્ટીલ કે એલ્યુમિનિયમ જેવા ધાતુઓની શોધ નહતી થઈ ત્યારે આપણા પૂર્વજો રસોઈ બનાવવા અને જમવા માટે માટીના વાસણોનો ઉપયોગ કરતા હતા.જેમાં બનાવેલી રસોઈ સ્વાદમાં તો સારી હોય, પણ સ્વાસ્થ્ય માટે પણ એટલી જ ઉપયોગી હોય છે. ત્યારે બાળકો પણ આ જોઈને ઘર ઘર રમવા માટે ચિકણી માટીમાંથી નાના નાના વાસણો બનાવીને રમતો રમતા હતા. પરંતુ અત્યારે તો બાળકોને માટી સાથે રમવું ગમતું નથી.




તેઓ મોબાઈલમાં ગેમ રમવામાં જ દિવસ પસાર કરે છે. તેનાથી તેમની આંખોને કેટલું નુકશાન થાય છે. તેની તેમને સમજ નથી.

ગાંધીનગરમાં આવેલી એસ. એસ. વી શાળાના વિદ્યાર્થિઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ભીની માટીમાંથી રસોડાના વિવિધ વાસણો જેવાકે તપેલી, થાળી, ચૂલો, વાટકી બનાવીને માટી સાથે રમવાનો આંનદ માણ્યો હતો. સાથે સાથે તેમનામાં રહેલી સર્જનાત્મક શક્તિ નો પણ પરિચય આપ્યો હતો.

# સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં ઉદીશા પ્રકલ્પ અંતર્ગત 'The seeds of success' વેબિનાર સીરીઝનું સમાપન

ગાંધીનગર, તા. ૨૩

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર કોલેજ આયોજીત ઓનલાઈન વ્યાખ્યાન સીરીઝ આજ રોજ સમાપન કરવામાં આવ્યું. ઉદીશા પ્રકલ્પ અંતર્ગત તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૨૧ થી ૨૩ જાન્યુઆરી, ૨૦૨૧ દરમિયાન "The seeds of success" નામે એક સપ્તાહ ચાલેલ આ વેબિનાર સીરીઝ માં વિવિધ ક્ષેત્રનાં નિષ્ણાંત તજજ્ઞો એ વિદ્યાર્થીઓ ને અલગ અલગ વિષય પર માર્ગદર્શન આપેલ. ડૉ. મેહુલ દવે (IITE, ગાંધીનગર) એ કારકિર્દી નાં ઘડતર માટે "પોઝીટીવ એટીટ્યુડ" કેટલું મહત્વ ધરાવે છેં તેની છણાવટ કરી. પ્રો. જાગ્રુતિ ભેડા (એલ.ઈ. કોલેજ, મોરબી) એ વિદ્યાર્થીઓને નોકરી મેળવવા માં અસરકારક RESUME કેમ બનાવી શકાય તે અંગે ડેમોંન્સ્ટ્રેશન આપ્યું. "નોન વર્બલ કોમ્યુનીકેશન"નાં માધ્યમ થી પ્રોફશનલ લાઈફમાં કઈ રીતે પ્રભાવ ઉભો કરી





શકાય તેની માહિતી ડૉ. રીચા મિશ્રા (નિરમા યુનિવર્સિટી, અમદાવાદ) એ આપી. આ ઉપરાંત કોર્પોરેટ ટ્રેનર પ્રો. લલીત ચંદે એ "ઈન્ટરપર્સનલ સ્કીલ્સ" તથા મેહુલ સોની એ "ઈન્ટર્વ્યુ સ્કીલ્સ" નાં તમામ પાસા વિસ્તૃત માં સમજાવી તેનો અમલ કરવા જણાવ્યું. આજ રોજ થયેલ સમાપન સમારોહ માં પ્રતિભાગી વિદ્યાર્થીઓ એ તેઓને કાર્યક્રમ માં ભાગ લેવાથી શું શીખવાં મળ્યું તથા તેઓ ભવિષ્યમાં આ સ્કીલ્સ નો કઈ રીતે ઉપયોગ કરશે તે અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સંસ્થા નાં આચાર્ય શ્રી ડૉ. એમ . જી. ભટ્ટ ના માર્ગદર્શન હેઠળ ઉદીશા સમિતિનાં ચેરમેન ડો. જિજ્ઞાસા હુંમર અને કમીટી સભ્યો પ્રોફ.વિવેક દવે, ડો. રીટા ચુડાસમા, ડો. પૂજા શર્મા અને ડૉ. મયુરી બારોટ એ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યોં. કુલ ૩૧૭ વિદ્યાર્થીઓ એ આ વેબિનાર સીરીઝ ના માધ્યમ થી સફળ કારકિર્દી ઘડતર પર જ્ઞાન મેળવ્યું.

# કોરોના રસીકરણ જાગૃત્તિના સંદર્ભે શારીરિક શિક્ષણ વિભાગની રાસેયો એકમ દ્વારા વેબીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમન દ્વારા કોરોના મહામારીથી બચવા માટે બનેલી વેક્સીનના સંદર્ભમાં વેબીનારનો આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સસ્થાનાના પૂર્વ અને હાલના વિધાર્થીઓએ ભાગ લીધું હતું અને આ વિષય પર સરસ અને ઉડાનપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગૂજરાત વિધાપીઠના માનદ નિયામક ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી સાહેબ વિધાર્થીઓને વિવેકપૂર્ણ તરીકેથી આ ઝુંબેશમાં જોડાવાવની અપીલ કરી હતી અને ભારત સરકાર અને ગુજરાત સરકારશ્રીના કોરોના મહામારીના સંદર્ભે કરેલા સરાહનીય કાર્યોની પ્રસંશા કરી હતી અને જે રીતે વેક્સીન લગાડવાનું ક્રમ નક્કી કરવામાં આવ્યું છે તેની પણ પ્રસંશા કરી હતી વેબીનારમાં અતીથીયોના સ્વાગત સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ કર્યું હતું.





જયારે ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ અરુણ ભાઈ ગાંધી સાહેબે આ કાર્યક્રમની પૂર્વ ભૂમિકા અને પ્રાસંગિકતા પ્રસ્તુત કરી હતી અને ક્રમ અનુસાર ગુજરાત રાજય અને ભારત સરકાર દ્વારા કોરોના મહામારીને રોકવા માટે લીધેલા પગલાંઓની વિસ્તૃત ચર્ચા કરી હતી તેમાં પણ ભારત સરકાર હસ્તક ચાલતા રાષ્ટ્રીય સેવા યોજના સેલ અને ગુજરાત રાજય હસ્તક ચાલતા રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને ક્ષેત્રીય રાષ્ટ્રીય સેવા યોજના કાર્યાલય અમદાવાદ દ્વારા કરેલી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું હતું આ વેબીનારમાં મુખ્ય અતિથી તરીકે ગુજરાત સરકારના ઉચ્ચશિક્ષણની કચેરીના નાયબ નિયામક બીપીનચંદ્ર નીનામા સાહેબ હાજર રહ્યા હતા અને વિધાર્થીઓને સરકાર અને સમાજ સેવી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવલી કોરોના મહામારી વિશેની જાગૃત્તિ વિષયના વિવિધ દાખલાઓ આપીને સમજુતી આપી હતી.

આ કાર્યક્રમ માટે ગૂજરાત વિધાપીઠને આવકાર્યું હતું અને આજના સંદર્ભમાં આવા કોરોના મહામારીથી બચવા માટે બનાવેલી વેક્સીનના સંદર્ભમાં જાગરુકતા અભિયાનોની તાતી જરૂરિયાત છે ટે જણાવ્યું હતું મુખ્ય વકતા તરીકે પ્રાધ્યાપક અને વડા, મેડીસીન વિભાગ, બી. જે. મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ અમદાવાદના ડૉ. કમલેશભાઈ ઉપાધ્યાય કોરોના મહામારી અને ભારત સરકાર દ્વારા મંજૂરી આપેલી બને વેક્સીન કોવિશિલ્ડ અને કોવેક્સિન વિષય ગહન જાણકારી આપી હતી અને તેમને આ પણ જણાવ્યું હતું કે કેવી રીતે આ મહામારી માટે ભારત સરકાર દ્વારા બનાવેલી કમેટીમાં રહીને તેમને કોરોના મહામારી વિષયના પ્રોટોકૉલ બનાવવામાં મદદ કરી હતી અને હવે કોરોના મહામારીની વેક્સીન બન્યા પછી લોકોમાં ઉત્પન્ન થયેલી વિવિધ ખોટી માન્યતાઓ વિશે સાચી સમજુતી આપવાની કામગીરી કરી રહ્યા છે અને કાર્યક્રમના અંતે આ વેબીનારમાં લોકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનો સંતોષજનક જવાબ પણ આપ્યા હતા કાર્યક્રમની આભાર વિધિ ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા સાહેબે કરી હતી જયારે સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટએ કર્યુ હતું.

# ચૌધરી મહિલા આટ્‌ર્સ કોલેજમાં 'કોરોના મહામારીની સાહિત્ય અને સમાજ પર અસર' વિષયે નેશનલ વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલતિ પી. કે. ચૌધરી મહિલા આટ્‌ર્સ કૉલેજમાં કાર્યરત ગુજરાતી વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય વેબીનારનું આયોજન કરાયું હતું.

કાર્યક્રમની ઉદ્‌ઘાટન બેઠકમાં મહેમાનશ્રીઓનું સ્વાગત અને વેબીનારની ભૂમિકા કૉલેજના પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરી કર્યું હતું.



પ્રસંગોચિત ઉદ્‌બોધન ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. હિંમત ભાલોડિયાએ કર્યું હતું. પ્રથમ બેઠકમાં બીજરુપ વ્યકતાવ્ય ડૉ. તત્વમસિ પલટાસીંગ સંબલપુર યુનિ. સમાજશાસ્ત્ર વિભાગ ઓડિશાએ આપ્યું હતું. પ્રથમ બેઠકનું સંચાલન ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું. દ્વિતીય બેઠકમાં કોરોના મહામારી અને લોકજીવન વિશે ડૉ. કાન્તિ માલતસરે (અધ્યક્ષ ગુજરાતી વિભાગ, ગુજ. યુનિ) વાત કરી હતી. તો ડૉ. નરેશ શુક્લે (એસો પ્રોફે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિભાગ) 'કોરોના અને આપણે' સંદર્ભે વાત કરી હતી. દ્વિતીય બેઠકનું સંચાલન ડૉ. ઊર્મિલાબેન ચૌદરીએ કર્યું હતું.

તૃતીય બેઠકમાં ડૉ. રાજેન્દ્ર જાનીએ (એસો. પ્રોફે, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજ યુનિ.) 'કોરોના - સામાજિક બદલાવ, શક્યતાઓ અને સંભવાનાઓ' - વિશે વાત કરી હતી. તૃતીય બેઠકનું સંચાલન પ્રા. મુન્નાબેન ચૌધરી કર્યું હતું. વેબીનારના આયોજનમાં અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી અને અન્ય હોદ્દેદારોઓએ પીઠબળ પૂરું પાડ્યું હતું. સોશિયલ મીડિયાને સહયોગે કરેલ આ કાર્યક્રમમાં ટેકનિકલ સહાયકની સરાહનીય ભૂમિકા. ડૉ. એન.કે. પટેલ અને મહેલુભાઈ શાસ્ત્રીએ નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગુજરાતી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આઈ.આઈ.ટી. રેમ અમદાવાદ તથા ડિફેન્સ યુનિકોર્ન દ્વારા પરાક્રમ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

તા. ૨૩ જાન્યુઆરી એટલેકે નેતાજી શુભાષચંદ્ર બોઝના ૧૨૫મી જન્મજયંતિ કે જેને આ વર્ષથી આપણે સૌ પરાક્રમ દિવસ તરીકે ઉજવીએ છીએ તેના જ અનુસંધાનમાં આઈ.આઈ.ટી રેમ (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેંટ) , અમદાવાદ તથા ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાએ સંયુક્ત રીતે આ દિવસની ઉજવણી વિદ્યાર્થીઓ સાથે માહિતીસભર વેબીનાર થકી કરી હતી. નેતાજી શુભાષચંદ્ર બોઝ એક સમયે ઈન્ડિયન નેશનલ આર્મીના પ્રમુખ પણ રહી ચૂકેલ અને એમને એના થકી ભારતીયોના હદયમાં દેશભક્તિના નવા બીજ રોપયા હતા. આ જ વિચારને સાથે લઈને આજના વિદ્યાર્થીઓના મસ્તિષ્કમાં ભારતદેશ વિશેની સમજ અને દેશભક્તિ વધુ સુદ્દઢ બને એ હેતુથી જ આ કાર્યક્રમનું આયોજન કરવામાં હતું.

આ વેબીનારમાં આઈ.આઈ.ટી રેમ અમદાવાદના વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવાના એકાધિક વિકલ્પો વિષે માહિતી આપવામાં આવી હતી. આ વેબીનારમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ડિફેન્સ યુનિકોર્ન દ્વારા મુખ્ય વક્તા તરીકે જાણીતા કરિયર એક્સપર્ટ શ્રી હાર્દિક પરીખ તથા સિનિયર કમાંડેંટ ભારદ્વાજ સરને નિમંત્રિત કરવામાં આવેલ હતા. આજના વિદ્યાર્થીઓ કારકિર્દીના ખૂબ જ મર્યાદિત ઢાંચામાં બંધાઈને નિયત વિકલ્પો વિશે વિચાર કરે છે. આ સંજોગોમાં જો વિદ્યાર્થી પાસે આ પ્રકારની માહિતી પહોચડવામાં આવે તો ચોક્કસ એ કારકિર્દીનો એક નવો વિકલ્પ વિચારી શકે છે જે એમના માટે ખૂજ જ ઉપયોગી સાબિત થશે તે હેતુ આ વેબીનારથી સાધવામાં આવ્યો હતો. ભારદ્વાજ સર એ સંરક્ષણ ક્ષેત્રમાં રહેલા વિવિધ સોનેરી વિકલ્પો વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સંરક્ષણ ક્ષેત્રે પ્રવેશ કરવા માટે એક મહત્વપૂર્ણ ભાગ હોય છે એસ.એસ.બી. એટ્લે કે સર્વિસ સિલેક્ષ્ન બોર્ડ અને એસએસબીની સંપૂર્ણ પ્રક્રિયા વિષે પણ ભારદ્વાજ સર દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી.

કરિયર એક્સપર્ટ હાર્દિક પરિખના જણાવ્યા અનુસાર સુભાષચંદ્ર બોઝે લોકોમાં દેશભક્તિની ભાવના જગાડી, જયહિંદનું સૂત્ર આપ્યું અને હજારો લોકોને સ્વતંત્રતાની લડાઈમાં ભાગ લેવા માટે પ્રેરણા આપી હતી એ જ ઉપલક્ષ્યમાં આજે વેબિનારમાં હાજર વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવાનો માર્ગ ચિંધેલ છે. ઉલ્લેખનીય છે કે આ વેબીનારમાં આઈ.આઈ.ટી રેમ ના





વિદ્યાર્થીઓએ પણ ખૂબ ઉત્સાહભેર ભાગ લઈને આ વેબીનારને સફળ બનાવવામાં મદદ કરી હતી. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર એમને આ વેબીનાર થકી ખૂબ અગત્યની માહિતી પ્રાપ્ત થઈ હતી. ના ફક્ત સંરક્ષણ ક્ષેત્રના વિભાગો વિશે પણ નેતાજીએ સ્વતંત્ર સેનાની તરીકે કરેલા કર્યો વિષે પણ ઊંડાણપૂર્વક માહિતી મળી હતી તથા વિવિધ પ્રવેશ પરીક્ષાઓ જેવી કે ટી. જી. સી, સી.ડી.એસ , એન.ડી.એ , એ.એફ.સી.એ. ટી તથા સી. એ. પી. એફ જેવી પરીક્ષાની ખૂબ અગત્યની માહિતી પ્રાપ્ત થઈ હતી. ટુર ઓફ ડ્યૂટી ના વિષે પણ વિદ્યાર્થીઓએ જિજ્ઞાસા દર્શાવી હતી અને તેના વિષે સંપૂર્ણ માહિતી પણ આપવામાં આવી હતી. હાર્દિક પરીખ દ્વારા વિદ્યાર્થીઓ વધુ ને વધુ સેનામાં ઓફિસર તરીકે જોડાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી!